R.N.I. No. : GUJGUJ/2000/447-

અયૂબ ૪૦ : ૧૯

Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા •

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

YEAR-28 • ISSUE: 28 DATE: 13-07-19• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ચીની સૈનિકો લદાખમાં ૬ કી.મી. અંદર ઘુસી :ડેમચોકમાં આવીને ભારતીય સીમામાં ચીનના ઝંડા લગાવ્યા

દોકલામ વિવાદના બે વર્ષ બાદ ચીની સેનાએ ફરી એક વખત ભારતીય વિસ્તારમાં ઘુસણખોરી કરી છે. ચીનની પીપલ્સ લીબરેશન આર્મીએ થોડાક દિવસ અગાઉ જમ્મુ-કાશમીરના લદાખ ના પુર્વી ડેમચોક વિસ્તારમાં છ કી.મી. ભારતીય વિસ્તારમાં ઘુસણખોરી કરીને પોતાના ધ્વજ લહેરાવ્યા હતા. હાલમાં સ્થાનિક રહેવાસી તિબેટના ધર્મગુરુ દલાઈ લામાનો જન્મ દિવસની ઉજવણી કરી રહ્યા છે. ત્યારે ચીને આ પગલું ભર્યુ છે. ડેમચોકના સરપંચે ચીનના સેનાની ઘુસણખોરીનું સમર્થન આપ્યું છે. આ સૈનિકો સૈન્ય વાહનોમાં બેસીને ભારતીય સરહદમાં આવ્યા હતા. અને ચીનના ઝંડા લહેરાવ્યા હતા. સરપંચ ઉરગેન યોદોને જણાવ્યુ હતું કે ડેમચોકમાં ચીની સૈનિકોનો આવવાનો હેતુ કંઈક અલગ હતો.તેમણે કહ્યુહતું કે ચીની સૈનિકોની ઘુસણખોરી ચિંતાની વાત છે.ચીન આ પ્રકારની હરકત કરીને ભારત પર દબાણ વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. જેથી ક્યારેય પણ વાતચીત થાય તો તે સમયે આ વિસ્તાર પર તેનો દાવો થઈ શકે.ચીન આ કહી શકે છે કે અહીં ચીનનો ઝંડો છે અને તો તેનો ટેન્ટ છે, એવામાં આ વિસ્તાર તેનો છે.

ચીને પહેલી વખત આવું નથી કર્યું. અહીં વાસ્તવિક નિયંત્રણ રેખા પાસે કે નાળા પાસે હજુ પણ ચીનના બે ટેન્ટ લાગેલા છે.. ઓગષ્ટ ૨૦૧૮માં ચીને આ વિસ્તારમાં ઘુસણખોરી કરી હતી. અને અનેક ટેન્ટ સ્થાપિત કર્યા હતા. ભારતના વિરોધ બાદ તેણે અનેક ટેન્ટ હટાવી દીધા હતા.પરંતુ હજુ પણ બે ટેન્ટ ત્યાં જ છે.એટલું જ નહીં પણ ચીને સરહદની પેલી બાજુ મોટાપાયે માર્ગો બનાવી લીધા છે. અને માળખા ગત ઢાંચાને મજબુત કરી દીધા છે. સરપંચે કહ્યુ કે તેઓ અનેક વર્ષોથી દલાઈ લામાનો જન્મદિવસ ઉજવી રહ્યા છે. પરંતુ ચીના સૈનિકો આટલા અંદર સુધી પહેલી વખત આવી પહોચ્યા છે. સેના અને સરકારને પણ આ કાર્યક્રમની માહિતી છે. આ વિસ્તાર લદાખમાં ભારત અને ચીનની વચ્ચેનો અંતિમ રહેણાંક વિસ્તાર છે.

દિલ્હી સાઉથ બ્લોકને ટાંકીને તૈયાર કરાયેલા એક અન્ય રિપોર્ટ પ્રમાણે ચીનની સેનાના જવાનો સાદા કપડામાં આવ્યા હતા. અને તેમણે સરહદ ઓળંગી નહોતી પણ તિબેટના ટુકડા કરવાની તમામ પ્રવૃતિઓ બંધ કરી દો તે મતલબના બેનરો ભારતીય સેના સામે દર્શાવ્યા હતા.ચીની સૈનીકોએ સરહદ ઓળગી છતાં ભારત તેનો બચાવ કરે છે.

## શહેરોમાં ખાનગી જમીનો પરની ઝુંપડપટ્ટી હટાવીને રિ-ડેવલપમેન્ટની સ્કીમ મુકવાની યોજનાને સરકારની મંજુરી

ગુજરાતના શહેરોમાં ખાનગી જમીનો પર બંધાયેલ ઝુપડપટ્ટીઓનું રિ-ડેવલપમેન્ટ કરવાની યોજનાને રાજયના મંત્રીમંડળની બેઠકમાં મંજુરી અપાઈ છે. આ યોજના ઘણા સમયથી પડતર હતી. જેનો નિકાલ થતાં ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોને રહેણાંક ફ્લેટ મળશે અને રિ-ડેવલપમેન્ટ કરનાર બિલ્ડરને ઉની એફએસઆઈ મળવાથી સદર જગ્યાઓનો કોમર્શીયલ ઉપયોગ પણ થશે. આ અગાઉ રાજય સરકારે સરકારી જમીન ઉપરની ઝુંપડપટ્ટીનું રિ-ડેવલપમેન્ટ કરવાની યોજના મંજુર કરેલી છે. ખાનગી જમીનો ઉપરની ઝુંપડપટ્ટી રિડેવલપમેન્ટ યોજના-૨૦૧૯ નામક મંજુરી થયેલી આ નવી નીતિ હેઠળ જેઓ નોટીફાઈડ ઝુંપડપટ્ટી વિસ્તારમાં પહેલી ડિસેમ્બર ૨૦૧૦ પહેલાં રહેતા હશે તે લોકોને રિડેવલપમેન્ટનો લાભ મળશે. મ્યુની કોર્પો. વિસ્તારમાં મ્યુ.કમિશ્નરના વડપણ હેઠળની સમિતિ આવા રિડેવલપમેન્ટ સ્કીમને મંજુરી આપશે. અથવા સ્કીમ ફગાવી દેશે. આ યોજના વાસ્તવમાં ઘણી જુની છે અને ક્યા શહેરી વિસ્તારમાં ક્યાં ઝુપડપટ્ટી આવેલી છે તેની વિગતો શહેરી વિકાસ વિભાગ પાસે ઉપલબ્ધ હોવા છતાં સ્થાનિક સત્તા મંડળોને નવેસરથી વિગતો આપવાનું કહેવામાં આવ્યું છે.સુત્રો એવું કહે છે કે ઝુપડપટ્ટીના સ્થાને હાઈરાઈઝ ફ્લેટની સ્કીમ અસ્તિત્વમાં આવતાં સમગ્ર વિસ્તારની કાયાપલટ થશે. અને ખાનગી જમીનના માલિકને જમીનના વિકાસ માટે વધુ પ્રમાણમાં જમીન ઉપલબ્ધ થશે. સુત્રો કહે છે કે અમદાવાદ,સુરત,રાજકોટ,વડોદરા જેવા મહાનગરોમાં મોટા પ્રમાણમાં ખાનગી જમીનો ઉપર ઝુંપડપટ્ટીના રુપમાં દબાણ થયેલું છે તેથી આવી જમીનો પર રિડેવલપમેન્ટ કરવા માટે નવી પોલીસી બનાવવામાં આવે એવી સંખ્યાબંધ રજુઆતોને પગલે આ નવી યોજના જાહેર થઈ છે.



**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## વર્લ્ડકપની સેમી ફાઇનલમાં ન્યુઝીલેન્ડ સામે ભારતનો પરાજય

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલી વર્લ્ડકપની સેમી ફાઈનલ મેચમાં ભારતનું ચેમ્પીયન થવાનું સપનું રોળાઈ ગયું.ન્યુઝીલેન્ડે સેમીફાઈનલમાં ૧૮ રને વિજય મેળવી લીધો હતો.ન્યુઝીલેન્ડે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો.વરસાદના વિઘ્ન વચ્ચે મેચ રિઝર્વ ડે પર ખસેડવામાં આવી હતી.ન્યુઝીલેન્ડના ૨૪૦ રનના ટાર્ગેટ સામે ભારતે મુકાબલો કરતાં ૧૮ રને હાર ખમવી પડી.ભારતનું ટોપ ઓર્ડર બેટીંગ ફ્લોપ સાબિત થયું.ટોપ ઓર્ડરનો ધબડકો અને મીડલ ઓર્ડર સેટ થયા પછી આઉટ થઈ જતાં ભારત મુકાબલામાંથી ફેકાઈ ગયું. જો કે ધોની અને જાડેજાની રમતે કંઈક વિશ્વાસ જન્માવ્યો હતો પરંતુ જાડેજા અને ધોની આઉટ થતાં જીત મળશે તેવી આશા પર પુર્ણ વિરામ લાગી ગયું.હજારો ચાહકોની આશા નિરાશામાં બદલાઈ ગઈ.

## અમેરિકાની સંસદે ગ્રીન કાર્ડ પરની મર્યાદા હટાવતાં ભારતીયોને ફાયદો થશે

અમેરિકાની સંસદમાં જુદા જુદા દેશોને ફાળવવામાં આવતાં ગ્રીન કાર્ડ ઉપરની સાત ટકા મર્યાદાને હટાવવા માટેના બિલને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી છે. આ બિલ પસાર થઈ જતાં હવે ભારત સહિતના દેશો ઉપરથી ગ્રીન કાર્ડની મર્યાદા દુર થશે અને તેનો સીધો લાભ ભારતીય પ્રોફેશનલોને થઈ શકે છે. ભારતમાંથી મોટાપાયે આઈટી નિષ્ણાંતો યુએસ વિઝા દ્વરા રોજગાર માટે જાય છે. અને ત્યારબાદ ગ્રીન કાર્ડ માટે પ્રયાસ કરે છે. યુએસમાં કાયમી વસવાટ અને રોજગાર માટે ગ્રીન કાર્ડ ઈશ્યું કરવામાં આવે છે. અમેરિકાના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટીવ્સમાં બિલ પસાર થઈ જતાં હવે તે કાયદાનું રુપ લેશે.યુએસમાં ગ્રીન કાર્ડ મર્યાદા હટાવવાનો કાયદો ઘડાયા બાદ ભારત સહિત અન્ય દેશોના નિષ્ણાંતો ગ્રીનકાર્ડ મેળવી યુએસમાં કાયમી માટે સ્થાઈ થઈ શકશે.અત્યાર સુધી ભારતીય આઈટી નિષ્ણાંતોમાં એચ ૧બી વિઝા વધુ પ્રચલિત છે.યુએસમાં દેશ દીઠ સાત ટકા જ ગ્રીન કાર્ડની મર્યાદા હોવાથી સ્કિલ્ડ પ્રોફેશનલ્સને સૌથી વધુ સહન કરવું પડતું હતું.કેટલાક રિપોર્ટ મુજબ એચ૧બી વિઝા ધારકો માટે ગ્રીન કાર્ડ મેળવવા માટેનો ગાળો લંબાઈને ૭૦ વર્ષ થઈ ગયો હતો.

કોગ્રેસનલ રિસર્ચ રિપોર્ટ મુજબ યુએસ સંસદમાં સાત ટકાની ગ્રીન કાર્ડ મર્યાદાને હટાવતું બિલ પસાર કરવામાં આવ્યું છે. નવા કાયદા અંતગર્ત હવેથી વર્ષમાં પરિવાર આધારિત ઈમીગ્રેશન વિઝાનો સાત ટકાની મર્યાદાને હટાવીને પ્રત્યેક દેશને કુલ વિઝાના ૧૫ ટકા ગ્રીન કાર્ડ ઈસ્યુ કરવામાં આવી શકે છે. અગાઉ રોજગારી આધારિત ઈમીગ્રેશન વિઝાના આધારે સાત ટકા ગ્રીન કાર્ડની મર્યાદા નાબુદ કરવામાં આવી છે. આ ઉપરાંત ચીનમાંથી વ્યક્તિગત વિઝાની અરજીમાં ઘટાડા માટે જવાબદાર ઓફસેટને પણ હટાવવામાં આવ્યુ છે.આ બિલ હવે સેનેટમાં રજુ કરાશે અને વિપક્ષ રિપબ્લીકન આ ગૃહમાં બહુમતી ધરાવે છે. ત્યારબાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેના પર હસ્તાક્ષર કરશે.

અત્યાર સુધી અમેરિકામાં વાર્ષિક ૧,૪૦,૦૦૦ ગ્રીનકાર્ડ જારી કરાતાં હતાં.જેમાં દરેક દેશને ૭ ટકા ગ્રીન કાર્ડની ફાળવણી થતી હતી. તેના કારણે સેકડો ભારતીયો વર્ષોથી ગ્રીન કાર્ડ મળે તેની રાહ જોઈ રહ્યા છે. હવે આ ખરડાને અમેરિકી સંસદની મંજુરી મળતાં જ આ મર્યાદા દુર થઈ જશે.

ડીપાર્ડમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરીટીઝના એક અહેવાલ મુજબ ટ્રમ્પ શાસને જે સાત ટકાની કેપનો નિયમની વાત કરી હતી. તે મુજબ માત્ર ૯૮૦૦ લોકોને જ દર વર્ષે ગ્રીન કાર્ડ મળે. ૨૦૧૭માં ૧૧,૨૭,૧૬૭ લોકોને ગ્રીન કાર્ડ આપવામાં આવ્યા હતા.૨૦૧૬માં આ આંકડો ૧૧,૮૩,૫૦૫ અને ૨૦૧૫માં ૧૦,૫૧,૦૩૧ લોકોને ગ્રીન કાર્ડ અપાયા હતા.જો કે આ ખરડા બાદ મોટા ભાગના ભારતીયો જેમને ગ્રીન કાર્ડ મેળવવાની ઈચ્છા હતી તે બર આવશે અને તેઓ અમેરિકામાં સ્થાઈ થવા માટેની ઈચ્છા પુરી થશે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવ ક્રાંતિ

આયારામ-ગયારામનો સીલસીલો કોગ્રેસની દેન છે.જે વારસો હવે બીજેપી એ જાળવ્યો છે.ભાજપની સરકારો તોડવા માટે કોગ્રેસે જે નીતિ રીતી અખત્યાર કરી હતી તેને અક્ષરસહ ભાજપે અપનાવી છે.જો કે કોગ્રેસ કરતાં વધુ આધુનિક અને જબરજસ્ત રીતે તેણે આ કાર્ય પાર પાડ્યુ છે. ગોવા અને કર્ણાટક તેના તાજા ઉદાહરણો છે.કોગ્રેસે કહ્યુ છે કે અમારા ધારાસભ્યો ચુંટાઈને ભાજપમાં ચાલ્યા જાય છે. ભારતીય રાજકારણની આ દારુણ અને દયનીય પરિસ્થિતિ માટે આખરે જવાબદાર તો તે જ છે.સત્તા હસ્તગત કરવા માટે નીતિમત્તાને કોરાણે મુકવા માટે રાજકારણીઓ કઈ હદે જઈ શકે છે તે જોઈને પ્રજાનામ મનમાં અત્યંત ઘૃણા ઉપજે છે. પરંતુ જ્યાં નાણાંકીય કોથળીઓ ખુલ્લી મુકી દેવાય ત્યાં સહુના હાથ હેઠા પડે છે.માલમત્તા અને સત્તા મળતી હોય ત્યાં કોણ તેને છોડી શકે તે એક સવાલ હાલના સમયમાટે અઘરો છે.ભાજપ હોય કે કોગ્રેસ,દેવીલાલ હોય કે દેવગોડા, નાયડુ હોય કે વાઘેલા બધાજ સરખા છે. સત્તા મેળવવા ખેલેલા ખેલમાં આ બધાજ પાવરધા ખેલાડીઓ છે અને હતા.

હવે સત્તા મેળવવા માટે પુરતા ધારાસભ્યોને એકજુથમાં રાખવા માટે રાજ્ય બહારના રીસોર્ટમાં લઈ જવા,જાત્રાઓ કરવા લઈ જવા,એમ વિવિધ મનોરંજન કરાવવા વિગેરે લટકામાં મળતુ હોય છે.તેથી લાલચે ખેચાઈ જનારાની સંખ્યા વધુ છે. બહુ જ ઓછા લોકો સત્તા અને નાણાંની શેહમાં આવતા નથી.છેવટે ન્યાયાલયનો આશ્રય લઈને પણ કાયદાની આંટીઘુટીઓમાં ફસાવીને રાજકારણીઓ સત્તા મેળવવા ઝનુની લડાઈલડતા રહે છે.

દેશના રાજકારણમાં દિવસે દિવસે ભ્રષ્ટતાના વકરતા જતા દુષણને ડામવા માટે કોઈપણ રાજકારણી કે પક્ષ તૈયાર નથી.શુધ્ધ લોકશાહી વહેતી રહે અને દેશ તેમાં આબાદ રહે તેવું જોવાનું કાર્ય આ તમામ રાજકારણીઓનું છે છતાં તેમના હૈયે માત્ર લોભ,લાલચ, સત્તા અને કૌભાંડો સિવાય તેમને અન્ય કોઈમાં રસ નથી. જ્યારે ચુંટણીઓ આવે ત્યારે સુફીયાણી વાતો કરે છે. કોક લોકશાહી પર ખતરો છે એમ કહે છે પરંતુ તેના સુધાર માટે તેઓ શું કરી શકે છે તે કહેતા નથી. પરંતુ સ્વચ્છ રાજકારણની ઝંખના તેમનાથી થતી નથી.પક્ષાંતર વિરોધી ધારો અને સુપ્રીમ કોર્ટ દ્વારા સુચવાયેલા ફ્લોર ટેસ્ટના નિયમોમાં છટકબારીઓ શોધાઈ રહી છે.ત્યારે ભારતના રાજકારણને આવા દુષણોથી બચાવવા માટે કડક કાયદાની જરુરીયાત છે. પ્રજાનો ચુંટાયેલો પ્રતનિધિ જો મતદારોને છેહ દઈને જનાદેશનો દ્રોહ કરે તો એને રાજકારણમાંથી કમ-સે-કમ દસ વર્ષ માટે ચુંટણી લડવામાંથી ગેરલાયક ઠેરવવો જોઈએ. આ પ્રકારના કાયદા હોવા જોઈએ.જો ભારતીય રાજકારણ આજની તરાહ મુજબ ચાલતું રહેશે તો કોને ફાયદો અને કોને નુકશાન ના કાવાદાવાથી રાજકારણ ખદબદતું રહેશે.

જે કોઈ પક્ષ પલટો કરે પછી તે એકલો કે વધુ સંખ્યામાં હોય પરંતુ તેને પદ અને ફરીથી ચુંટણી લડવા પરથી દસ વર્ષ માટે નિષ્કાસિત કરવા તે અનુરુપ બાબત છે પરંતુ તે કોઈને સ્વીકાર્ય રહેશે નહીં. સત્તા માટે જ જીવતા રાજકારણીઓની લોલુપતા તેમને તેમ કરતાં રોકે છે.ખેર, દેશની પ્રજાએ પ્રજાને વફાદાર અને પક્ષને વફાદાર એવા રાજકારણીઓને જ મત આપવા જોઈએ તેવી પાકી સમજ જ્યાં સુધી ઉભી નહી થાય ત્યાં સુધી આજ ખેલ ચાલુ રહેશે.

### જાણવા જેવું !

ચામાચીડીયાનું સૌથી મોટું શિલ્પ ઈજીપ્તના ગીઝાના પિરામીડ નજીક આવેલું છે.
કુતરાની જ એક જાતિ લાબ્રાડોરનો ૧૯મી સદીમાં શિકાર કરવા માટે ઉપયોગ કરવામાં આવતો હતો.
પેગ્વીન એ એકમાત્ર એવું પક્ષી છે જે પાણીમાં તરી શકે છે પણ ઉડી શકતું નથી.
બિલાડી દિવસમાં ૧૬થી ૧૮ કલાક ઉંઘે છે.


### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

### ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# ધાર્મિક સ્વંતત્રતા પરના અમેરિકી અહેવાલને સરકારે ફગાવ્યો : ભારતીયોના બંધારણથી સંરક્ષિત અધિકારો પર યુએસને બોલવાનો અધિકાર નથી

ભારતમાં લઘુમતી સમુદાયોની સ્થિતિ અંગે આકરી ટીકા કરતા અમેરિકી વિદેશ વિભાગના રિપોર્ટને ભારતે નકારી કાઢ્યો હતો.ભારત સરકારે જણાવ્યુ હતું કે ભારતના નાગરિકોના બંધારણથી સંરક્ષિત અધિકારો પર બોલવાનો અમેરિકાને કોઈ અધિકાર નથી.અમેરિકી વિદેશી વિભાગના આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા પરના તાજેતરના રિપોર્ટ પર પુછાયેલા સવાલનો જવાબ આપતાં ભારતના વિદદેશ વિભાગના પ્રવકતા રવીશકુમારે જણાવ્યુ હતું કે ભારત એક ધબકતી લોકશાહી છે જ્યાં તેના લઘુમતી સમુદાયો સહિતના તમામ નાગરિકોના મુળભુત અધિકારોને બંધારણની સુરક્ષા પ્રાપ્ત છે.ભારતના નાગરિકોના બંધારણ દ્વારા સંરક્ષિત અધિકારો પર બોલવાનો કોઈ વિદેશી સંસ્થા કે સરકારને અધિકાર નથી.

રવીશકુમારે જણાવ્યુ હતું કે ભારત તેના બિનસાંપ્રદાયિક માળખા પર ગૌરવ કરે છે . ભારત એક વિશાલ લોકશાહીના દરજ્જા,વિવિધતાથી સભર સમાજ પર સહિષ્ણુતા અને ભાઈચાર પ્રત્યેની પ્રતિબધ્ધતા સાથે ગૌરવ અનુભવે છે.ભારતનું બંધારણ લઘુમતી સમુદાયો સહિતના તેના તમામ નાગરિકોને મુળભુત અધિકારો આપે છે. ભારતના બંધારણમાં ધાર્મિક સ્વતંત્રતાને સંરક્ષણ અપાયું છે. દેશની લોકતાંત્રિક સરકાર અને કાયદાનું શાસન મુળભુત અધિકારોને સંરક્ષણ આપીને પ્રોત્સાહન આપે છે.

રાજદવારી વિવાદને જન્મ આપે તેવા એક નિવેદનમાં સત્તાધારી ભાજપે એક નિવેદનમાં જણાવ્યુ હતું કે અમેરીકી વિદેશ મંત્રાલય વડાપ્રધાન મોદીની સરકાર અને તેમની પાટી પ્રત્યે પક્ષપાતી વલણ અપનાવી રહ્યો છે. ભાજપના રાષ્ટ્રીય મીડીયાના વડા અનિલ બાલુનીએ એક નિવેદનમાં જણાવ્યુ હતું કે અમેરિકી અહેવાલમાં એવી કલ્પના કરી લેવાઈ છે કે લઘુમતી વિરોધી હિંસા પાછળ કોઈ છુપો એજન્ડા છે. જે એક ખોટી ધારણા છે. મોટા ભાગના કેસોમાં સ્થાનિક વિવાદો અને ગુનાહિત માનસિકતા ધરાવતાં તત્વો જવાબદાર હોય છે. જ્યારે પણ જરુર પડી છે ત્યારે પીએમ મોદી અને ભાજપના અન્ય નેતાઓએ દેશના લઘુમતી સમુદાયો અને નબળા વર્ગો વિરુધ્ધની હિંસા વખોડી કાઢી છે.

અમેરિકાએ ધાર્મિક સ્વતંત્રતા પરના એક અહેવાલમાં જણાવ્યુ હતું કે ભારતમાં વર્ષ,૨૦૧૮માં પણ ગૌમાંસ માટે ગાયના વેચાણ અથવા તો ગૌહત્યાની અફવાઓ મધ્યે હિંસક કટ્ટરવારી હિંદુ સંગઠનો દ્વારા લઘુમતીઓ અને વિશેષ કરીને મુસ્લીમો પર ટોળામાં હુમલા જારી રહ્યા હતા. વર્ષ ૨૦૧૮ માટેના આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વાતંત્રતાના રિપોર્ટમાં અમેરીકી વિદેશ વિભાગે આરોપ મુક્યો હતો કે ભારતમાં ભાજપના કેટલાક વરિષ્ઠ નેતાઓ દ્વારા લઘુમતી સમુદાયો વિરુધ્ધ ઊશ્કેરણીજનક ભાષણો જારી રહ્યા હતા.કેટલીક એનજીઓના જણાવ્યા મુજબ સત્તાવાળાઓ દ્વારા હુમલો કરનારા અને કાવતારાખોરોને ખટલા અને તપાસથી બચાવવામાં આવી રહ્યા છે.

ભારત સરકાર કે તેમના અધિકારીઓ ગમે તેવો બચાવ કરે પરંતુ જમીની હકીકત છે તેમાં કોઈ કાંઈ ફેરફાર કરી શકે નહીં. છેલ્લા કેટલાક વખતમાં ગૌમાંસ,ગૌચોરી કે અન્ય કારણોસર મુસ્લીમોની ટોળા દ્વારા હત્યા કરાઈ છે હુંમલાઓ કરાયા છે તેમાં કોઈ ના પાડી શકે નહીં. તેમજ આ બધી જ ગંભીર ઘટનાઓ બાદ તંત્ર બેદરકાર કે આળસુ રહ્યું છે. તેમણે ગુનેગારોને પકડવા માટે કોઈ પણ રીતે તકેદારી રાખી નથી ઉલટાનું તેઓ તરફી ગુણગાન ગાયા હોવાના સમાચારો મળ્યા છે.ગાયને દોરી જતા ચોરી જાય છે કે ગૌમાંસનો ઘરોમાં સંગ્રહ કર્યો છે તેવી શંકાઓને આધારિત ઘટનાઓ બની છે.ગૌહત્યામાં તપાસ કરી રહેલા સપ્ત પોલીસ અધિકારીઓની છેડેચોક હત્યા કરી દેવાઈ છે અને તેમાં ગુનેગારોને છટકી જવા દેવા માટે પુરતો સમય અપાયો છે.આવું બધું બન્યા બાદ વિપક્ષોએ કરેલા હોબાળા બાદ પણ તંત્રે કોઈ કાળજી લીધી નથી તો વિદેશીઓ તમારી વિરુધ્ધ બોલવાના છે તેમાં શંકા નથી.

# આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે મેડીકલમાં ૪૮૦૦ સીટોની અનામતની સરકારે જોગવાઇ કરી

કેન્દ્ર સરકારે આર્થિક રીતે નબળા વર્ગ માટે અનામતની જોગવાઈ કરી છે. જે અંતગર્ત દેશભરની મેડિકલ કોલેજોમાં આ વર્ષે લગભગ ૪૮૦૦ બેઠકો આર્થીક રીતે નબળા વર્ગ માટે અનામત રાખવામાં આવી છે.લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન મો.જાવેદ,પિનાકી મિશ્વા,અધીર રંજન ચૌધરી અને અન્ય સભ્યોના પ્રશ્નોના લેખિતમાં ઉત્તર આપતાં હર્ષવર્ધને જણાવ્યુ હતું કે નરેન્દ્ર મોદી સરકાર આવ્યા પછી ૯૨ નવી મેડિકલ કોલેજ ખોલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અને તેમાંથી કેટલીક કોલેજો ચાલુ પણ કરી દેવાઈ છે. તેમના કહેવા મુજબ ત્રણ વર્ષમાં એમબીબીએસની બેઠકોમાં ૧૫ હજાર સીટોનો વધારો થયો છે.

અમેરીકાનું રાષ્ટ્રીય પક્ષી સફેદ માથાવાળું ગરુડ (બોલ્ડ ઈગલ)છે.

સ્ટેનફિશ માછલી પથ્થરોની વચ્ચે માળો બનાવીને રહે છે.

સુર્યમાળાનો સૌથી વિશાળ જ્વાળામુખી ઓલિમ્પસ મોન્સ મંગળ ગ્રહ પર આવેલ છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## ચીન સામે હોંગકોંગમાં ખુલ્લો બળવો : સંસદમાં દેખાવકારોનો દેકારો



હોંગકોંગમાં પ્રત્યાર્પણ બિલ અંગે શરુ થયેલા વિરોધ પ્રદર્શનો પર અંકુશ મુશ્કેલ બન્યો છે. દેખાવકારોએ ચીનમાં હોંગકોગ સામેલ થવાની વર્ષગાંઠે સીધા જ સંસદ ભવનમાં ઘુસી ગયા હતા. અને જોરદાર હંગામો મચાવી દીધો હતો. તેમણે સંસદમાં લગાવાયેલી તસવીરો ફાડી નાંખી હતી. અને દિવાલો પર સુત્રો લખ્યા હતા.પોલીસે દેખાવકારોને હટાવવા માટે ચીલી સ્પ્રે અને લાઠીચાર્જનો સહારો લીધો હતો પરંતુ તે નાકામયાબ નિવડ્યો હતો. હોંગકોગના દેખાવકારો ફી હોંગકોંગના બેનરો સાથે આવ્યા હતા.બ્રિટિશ કાળમાં આર્થિક જિલ્લો રહેલા હોંગકોંગના લેજેસલેટીવ કાઉન્સીલના લગભગ હજારો દેખાવકારો એકત્રિત થયા હતા.કેટલાક સંસદમાં ઘુસેલા દેખાવકારો ડેસ્ક પર બેસી ગયા હતા.જો કે સરકારે દેખાવકારોને તત્કાળ હિંસા આચરવાની બંધ કરવા અપીલ કરી છે.અને કહ્યુ છે કે આ બિલ પર કામ કરવાનું બેધ થઈ જશે.

## આર્થિક આધારે ૧૦ ટકા અનામત પર સુપ્રીમનો સ્ટે મુકવાનો ઇન્કાર

આર્થિક આધારે ગરીબ વર્ગને અપાયેલા ૧૦ ટકા અનામતના મામલે સુપ્રીમ કોર્ટેથી કેન્દ્ર સરકારને મોટી રાહત મળી છે. કોર્ટે કેન્દ્રના નિર્ણયને રોકવાનો ઈન્કાર કર્યો છે.હવે સુપ્રીમ કોર્ટે બે અઠવાડિયા બાદ આ અંગેની સુનાવણી રાખી છે.કેન્દ્ર સરકાર દ્વારા આર્થિક આધાર પર સામાન્ય વર્ગને ૧૦ ટકા અનામત આપવાની વિરુધ્ધ દાખલ થયેલી અરજી પર સુનાવણી પર સુપ્રીમ કોર્ટે સુનાવણી કરી રહ્યું છે. આ પહેલાં કોર્ટે કેન્દ્ર સરકારને નોટીસ આપી હતી. અને કેન્દ્ર સરકારે તેને યોગ્ય ગણાવી હતી.અરજીમાં કહેવાયું હતું કે આ નિર્ણયથી ઇંદીરા સાહનીના કેસમાં સુપ્રીમ કોર્ટની સંવિધાન પીઠે ૫૦ ટકાની મહત્તમ અનામતની મર્યાદાનું ઉલ્લંઘન થયું છે. લોકસભાની ચુંટણી પહેલાં એસસી-એસટી સંશોધન બીલ પર બેકફુટ પર આવેલી મોદી સરકારે આર્થિક આધારે અનામતનો દાવ ચાલીને નારાજ સવર્ણોને મનાવવાનો પ્રયાસ કર્યો હતો.તેને મોદી સરકારનો માસ્ટર સ્ટ્રોક માનવામાં આવ્યો હતો.કેમકે સુપ્રીમ કોર્ટના આ નિર્ણયની વિરુધ્ધ આવેલા આ બિલની વિરુધ્ધ દેશના કેટલાક ભાગોમાં મોદી સરકારની વિરુધ્ધ પ્રદર્શન યોજાયા હતા.

આરટીઆઈના આંકડાએ બધાને ચોકાવી દીધા છે. નવી જાણકારી મુજબ દેશની ૪૦ કેન્દ્રીય યુની.ઉપરાંત રેલ્વે સહિત બીજા કેટલાય સરકારી વિભાગોમાં નક્કી અનામતથી પણ ઓછા દલિત આદિવાસી અને પછાતોની નિયુક્તિ થઈ છે.જ્યારે સવર્ણોની નિયુક્તિઓ ૫૦ ટકાથી પણ ઓછી છે.મતલબ કે અનામત કાયદો અમલી ન થયો ત્યારે પણ સર્વણ જાતિઓના લોકો સરકારી મહેકમમાં ઘણા આગળ હતા.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**





**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


## ભારત ધાર્મિક સ્વતંત્રતા માટે અમેરિકાની સાથે રહે : યુએસ વિદેશમંત્રી પોમ્પીયો

અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પીઓ આજકાલ ભારતની યાત્રા પર આવેલા છે.તેમની સાથે યોજાયેલી દ્વીપક્ષીય બેઠકમાં ભારતીય વિદેશ મંત્રી જયશંકરે કહ્યુ હતું કે ભારત-રશિયા સહિત અન્ય દેશોની સાથે સબંધોમાં પોતાના રાષ્ટ્રીય હિતોને સર્વોપરી રાખશે અને તેના માટે જે કાંઇ પણ જરુરી હશે એ કરશે. ભારત-રશિયા પાસેથી  અત્યાધુનિક એસ-૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદી રહ્યું છે જેની સામે અમેરિકાને વાંધો છે. અને અમેરિકાએ તેના માટે થઈને ભારત પર પ્રતિબંધ મુકવાની વાત કહી છે.

ધાર્મિક સ્વતંત્રતાના મુદ્દે અમેરિકી વિદેશ મંત્રીએ કહ્યુ હતું કે ભારત સમાધાનકારી વલણથી દુનીયા વધુ ખરાબ થશે.તેમણે આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વાતંત્ર રિપોર્ટના સંદર્ભે કહ્યુ હતું કે ભારતની સાથે અમેરિકા ધાર્મિક સ્વાતંત્ર માટે મજબુત સ્થિતિ સર્જવા માંગે છે.હાલમાં જ પ્રસિધ્ધ થયેલા આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વાતંત્ર શીર્ષક ધરાવતા અમેરિકન વિદેશ મંત્રાલયના રિપોર્ટમાં જણાવાયું હતું કે ભારતમાં હિન્દુ કટ્ટરવાદી જુથો દ્વારા લઘુમતી સમુદાયો અને ખાસ કરીને મુસ્લીમ પર ટોળામાં રહીને હિંસા આચરવાની ઘટનાઓ યથાવત છે. પોમ્પીઓએ કહ્યું કે ભારત અને અમેરિકાએ તમામ લોકો માટે ધાર્મિક સ્વતંત્રતાના રક્ષણમાટે સાથે રહેવું જોઈએ. જો આ મુદ્દે સમાધાનકારી વલણ રહે તો દુનિયા વધુ ખરાબ પરિણામોનો સામનો કરશે.

પોમ્પીઓએ વધુમાં કહ્યુ હતું કે ભારત વિશ્વના ચાર મોટા ધર્મનું જન્મસ્થળ છે. આપણે સાથે મળીને તમામ માટે ધાર્મિક સ્વાતંત્રની રક્ષા માટે ઊભા રહીએ. આપણે એ અધિકારો માટે વાત કરીએ. કેમકે જ્યારે પણ આપણે એ અધિકારો અંગે સમાધાનકારી વલણ અપનાવીશું ત્યારે દુનિયા વધુ ખરાબ પરિણામો તરફ આગળ ધપશે.

પોમ્પીઓની આ ટિપ્પણી વાસ્તવમાં હાલમાં અમેરિકન વિદેશ મંત્રાલયના રિપોર્ટ ‘ઇન્ટરનેશનલ રીલીજીયસ ફ્રીડમ‘ના સંદર્ભમાં આવી છે જેમાં હિન્દુ સંગઠનો દ્વારા ટોળામાં રહીને લઘુમતી સમુદાયો પરના હુમલા જારી રહ્યા હોવાનું જણાવાયું છે. જો કે ભારતમાં લઘુમતીઓ માટે બનતી ઘટનાઓનું સરકાર દ્વારા ખંડન કરવામાં આવ્યું છે કે આ અંગત અદાવતો અને દુશ્મની આધારિત હતી તેને ધાર્મિક કે લઘુમતિઓના હુમલા તરીકે લેખાવી શકાય નહીં.મોબ લીચીંગના કેટલાક મામલાઓમાં સ્પષ્ટ દેખાયું છે છતાં સરકાર અને તેનું તંત્ર તેને દબાવવામાં સફળ નીવડ્યું છે અને જેથી તેની વિદેશોમાં છબી ખરડાઈ તેને દુરસ્ત કરવામાં સરકારી મશીનરીઓ લાગી ગઈ છે. તાજેતરમાં વડાપ્રધાને સંસદમાં આવી ઘટનાનો ઉલ્લેખ કરીને સરકારનો બચાવ કર્યો હતો. જે અમેરિકી વિદેશમંત્રીને દેખાડવાનો એક માત્ર પ્રયોગ હતો.પરંતુ તેના કારણે મોબ લીચીંગ ઘટી જશે તેમ માનવું ભુલ ભરેલું છે.

## ગ્રાહક પાસેથી લોન વસુલવા માટે બેન્કો બાઉન્સર્સને મોકલી શકે નહીં

લોકસભામાં નાણાંખાતાના રાજ્યકક્ષાના પ્રધાન અનુરાગ ઠાકુરે જણાવ્યુ હતું કે ગ્રાહક પાસેથી જબરજસ્તીથી લોન વસુલ કરવા માટેનો કોઈપણ બેન્કને અધિકાર નથી. તેમણે જણાવ્યુ હતું કે રિઝર્વ બેન્કે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે પોલીસ દ્વારા ચકાસણી અને અન્ય સબંધિત ઔપચારિકતા પુર્ણ થયા બાદ જ રકમ વસુલ કરવા માટે એજન્ટને મોકલી શકાય.

લોનની જબરજસ્તી રિકવરી માટે બાઉન્સરની નિમણુંક કરવાનો કોઈને અધિકાર નથી.ઠાકુરે જણાવ્યુ હતું કે રિઝર્વ બેન્કે લેન્ડર્સ માટે માર્ગદર્શિકા જારી કરી છે.અને બેન્કોએ તેને અપનાવવાની આવશ્યકતા છે.તેમણે જણાવ્યુ હતું કે રિઝર્વ બેન્કનો સર્ક્યુલર લોનની રિકવરી દરમિયાન ગ્રાહકના કોઈપણ પ્રકારના શોષણ કરવામાંથી બેન્કોને અટકાવે છે.તેમાં કસમયે કરજદારોને હેરાન કરવા અને લોનની રિકવરી માટે બળનો ઉપયોગ કરવાની બાબતનો સમાવેશ થાય છે.જો કે આ ખાનગી ક્ષેત્રને લાગુ પડશે કે કેમ તે નક્કી નથી.

લાઈફ મેગેઝીનના કવર પર સૌથી વધુ વાર ચમકનાર એલીઝાબેથ ટેલર એકમાત્ર હસ્તી છે.


**સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

**ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર  અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# વિશ્વભરમાં પ્રેસની સ્વતંત્રતા પર ભય ?

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કહ્યુ હતું કે ‘નાગરિકની સ્વતંત્રતા અત્યંત પવિત્ર છે.તેની સાથે કોઈપણ બાંધછોડ કરી શકાય નહીં.નાગરિકને આપેલી સ્વતંત્રતાનું ગળું ટુંપી શકાય નહીં.’ યુપીના મુખ્યમંત્રી આદિત્યનાથ વિરુધ્ધ વાંધાજનક ટીપ્પણી કરનાર સોશ્યલ મીડીયા પોસ્ટના આરોપી ફ્રીલાન્સ પત્રકાર પ્રશાંત કનોજિયાની ધરપકડ કરાઈ હતી. તેમણે એક વીડીયો શેર કર્યો હતો.જેમાં એક મહિલાએ દાવો કર્યો હતો કે તેણી યોગી આદિત્યનાથ સાથે લગ્નનો પ્રસ્તાવ મોકલ્યો છે.આ સાથે ટીપ્પણી કરનાર પત્રકારની યુપી પોલીસે ધરપકડ કરી હતી. જેની સુપ્રીમ કોર્ટે આકરી ટીકા કરી હતી.તેમજ પત્રકારને તાત્કાલિક જેલમાંથી મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.

યુ.પીના મુખ્યમંત્રી એક આદરણીય અને સન્માનીય વ્યક્તિ છે.તેમની વિરુધ્ધ ગમે તેવી ટિપ્પણી કરી શકાય નહીં.પરંતુ માનસિક રીતે અસંતુલિત એક મહિલાના વીડીયો પરની ટિપ્પણીના સંદર્ભમાં યુપી પોલીસે તે પત્રકારની ધરપકડ કરી અને પગલાં લીધા.અને તેના કારણે ચર્ચાઓ જામી પડી.યુપી પોલીસે પત્રકારની ધરપકડ કરી ત્યારે તેમણે બંધારણે આપેલી અભિવ્યક્તિની સ્વતંત્રતા વિશે પણ ખ્યાલ રાખવો જરુરી હતો.

તાજેતરમાં વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ ઉજવાયો. ચુંટણી પ્રચારના થ્રિલર-સ્ટંટ અને નાટ્યાત્મક ઘટનાઓના કારણે બહુ ઓછા લોકોનું ધ્યા પ્રેસની સ્વતંત્રતા પર ગયું હશે. બહું ઓછું લખાયું. વિશ્વભરની ઘટનાઓ, રાજનીતી,અર્થ નીતિ ,વિદેશનીતિ અને સમાજ વ્યવસ્થાની આલોચના કરનાર મીડીયા આજે ખુદ ચર્ચાના કેન્દ્રમાં છે.

તાજેતરમાં યુપીની પોલીસે એક પત્રકારના મો પર પેશાબ કર્યો. આ એક નીંદનીય ઘટના છે.આવી ઘટનાઓ પ્રશાસનની પ્રતિષ્ઠા ઘટાડે છે.બહુ ઓછા લોકોને ખબર હોય છે કે પત્રકારો આખો દિવસ ફિલ્ડ વર્ક કરીને મોડી રાત સુધી કેટલા તનાવ વચ્ચે કામ કરે છે.રોજે રોજની ઘટનાઓનું રિપોર્ટીંગ કરનારા પત્રકારો અને કમ્પ્યુટર સ્ક્રીન પર તેનું પેજીંગ કરાવનારા સંપાદકો રાતના ૧૧ થી ૧૨ સુધી ભોજન પણ લઈ શકતા નથી.દર શનિ કે રવિ પત્રકારો પોતાના પરિવાર સાથે ગુજારે તેમ બનતું નથી.તોફાનો કે કોમી દંગલો વચ્ચે કરફ્યુ પાસ લઈને ફરવું પડે છે. પથ્થર ક્યાંથી આવશે ક્યારે ફેકાશે તે તેને ખબર હોતી નથી.પત્રકારત્વ એ ગ્લેમરસ જોબ નહીં પરંતુ સમાજ પ્રત્યેની જવાબદારી સાથેનો ગંભીર વ્યવસાય છે.અસહિષ્ણુ તત્વો પત્રકારની કે લેખકની હત્યા કરવા સુધી પહોચી જાય છે તેથી આ કાર્ય કેટલું ગંભીર છે તે સમજવુ જરુરી છે.બધાજ પત્રકારો કલીન છે,તટસ્થ છે તેવો દાવો થઈ શકે તેમ નથી.પરંતુ તે કારણે સમગ્ર મીડીયાને દોષ દઈ શકાય નહીં.ભારત દેશનું મીડીયા આજે પણ લોકશાહીના ચોથા સ્તંભ સમાન મજબુતીથી ઉભુ છે.

મીડીયાની ટીકા કરનારાઓ એ વાત જાણી લેવી જોઈએ કેદેશ-વિદેશના મોટા કૌભાંડોનો પર્દાફાશ પત્રકારોને આભારી છે.કટોકટી દાખલ કરનાર પુર્વ વડાપ્રધાન ગાંધી મીડીયા સેન્સરશીપના કારણે ચુટણી હારી ગયા હતા.પરંતુ હવે પ્રેસની સ્વતંત્રતા ની બાબતમાં પરિસ્થિતિ બદલાઈ છે.આજે મીડીયા પર રાજનૈતિક,અપરાધિક અને આતંકવાદી જુથોનો સહુથી મોટો ભય છે. આ બાબતમાં ભારત પણ બાકાત નથી.વિવાદસ્પદ બાબાઓ,બાપુઓ અને લંપટ ધર્મગુરુઓની વિલાસલીલાનો જ્યારે પર્દાફાશ થાય છે ત્યારે તેઓ મીડીયા સામે બદલો લેવા હિંસક પણ બની જાય છે.

આજકાલ ઈલેક્ટ્રોનીક્સ મીડીયા પર કેટલાક સ્થાપિત હિતોનો કબજો હોવાથી પત્રકારત્વનો આત્મા રુંધાઈ ગયો છે.કેટલાક હજુરીયાઓની ટોળીને કારણે સમગ્ર મીડીયા પરેશાન છે. પરંતુ તેની સામે કોઈ લડત આપી શકે તેવા પત્રકારોનો તોટો છે. પરંતુ વિશ્વભરમાં ભયની પરવાર કર્યા વગર જાન લડાવી દેનાર પત્રકારોનો પણ એક વર્ગ છે.

કલમની તાકાત શુ ના કરી શકે એ બાબત હવે ધીમ ધીમે ભુલાતી જાય છે.કેફ ન્યુઝ,પેઈડ ન્યુઝ,પ્યોર ન્યુઝ વચ્ચે હવે વોર ચાલી રહી છે.સોશ્યલ મીડીયામાં ન્યુઝ ચેનલોની ભરમાર ચાલી છે તેણે પ્રિન્ટ મીડીયાની અસરને ઝાંખી પાડી દીધી છે.ખેર,વિજાણુ મીડીયા ની અસર નવા લોકો પર વધુ જોવા મળે છે.

( સૌ.સંદેશ મુળ લેખ :દેવેન્દ્ર પટેલ રેડ રોઝ આધારીત)

# ભાજપમાં વિશ્વાસ-પ્રતિબધ્ધતા જેવું કંઇ રહ્યુ નથી : ઉત્પલ પારિકર

પુર્વ દિવંગત મુખ્યપ્રધાન મનોહર પારિકરના પુત્ર ઉત્પલ પારિકરે ભાજપ પર નિશાન તાકતા કહ્યુ હતું કે મારા પિતાના મોત બાદ ભાજપમાં વિશ્વાસ-પ્રતિબધ્ધતા જેવા શબ્દો ખતમ થઈ ગયા છે. મારા પિતાના સમયે વિશ્વાસ-પ્રતિબધ્ધતા જેવા શબ્દો ભાજપના મુળમાં હતા.પરંતુ ૧૭ માર્ચ બાદ ભગવા પાર્ટીએ અલગ રાહ પકડી લીધી છે.તેમણે કહ્યુ કે આવનાર સમય દેખાડશે કે આ સાચું કે ખોટું. ઉત્પલે કહ્યુ કે જે કંઈ પણ થઈ રહ્યું છે તે તેમના પિતાનો રસ્તો નથી.મારા પિતાનું અવસાન થયું હતું ત્યારે હું એ વાત જાણતો હતો કે આવું થશે.પરંતુ ગોવાના લોકોને તો હવે ખબર પડી.

રાજયસભાના કોંગ્રેસ નેતા ગુલામનબી આઝાદે એવો આક્ષેપ કર્યો હતો કે જ્યારથી કેન્દ્રમાં ભાજપ આવ્યો ત્યારથી તે એક પછી એક કોગ્રેસ સરકારને ઉથલાવી રહ્યો છે.ભાજપ લોકશાહી અને વિપક્ષને ખતમ કરી રહ્યો છે. આ મામલો વિધાનસભા અધ્યક્ષના અધિકારમાં આવે છે તેથી અંતિમ નિર્ણય લેવાની સત્તા સ્પીકરના હાથમાં છે.

કર્ણાટકની કટોકટીના મુદ્દે નિશાન પર લેતાં કહ્યુ હતું કે ભાજપ વિપક્ષી સરકારોને અસ્થિર કરી રહ્યું છે. ભાજપ મની પાવર અને ઈવીએમના દુરપયોગ કરીને કેન્દ્રમાં સત્તા પર આવ્યો છે.માયાવતીએ ભાજપ પર નિશાન સાધ્યું


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


# ભારતે અમેરિકી ઉત્પાદનો પર લાદેલો જકાત વધારો તદ્દન અસ્વીકાર્ય : ડોનાલ્ડ ટ્રમ્પ

જી-૨૦ શીખર સંમેલન શરુઆત પહેલાં અમેરિકી પ્રમુખે ભારત અને ચીન વિરુધ્ધ પોતાના બળાપો કાઢ્યો હતો. અમેરિકાએ ભારતને આપેલો વિશેષ દરજ્જો પરત ખેચી લીધો હતો.ભારતે તેની વળતી કાર્યવાહી રુપે અમેરિકી માલસામાન પર ઝીંકેલા જકાત દર પર અમેરીકી પ્રમુખ અકળાયા હતા. તેમણે ભારતે અમેરીકી માલ સામાન પર લદાયેલ જકાત બાબતે પોતાની અસંમતિ દર્શાવી હતી.ભારતે જકાતમાં કરેલો વધારો તાત્કાલિક પાછો ખેચી લેવો જોઈએ તેવી વાત કહી હતી. અમેરિકાએ ભારતને આપેલા મહત્વના વેપાર કરાર વિશેષાધિકાર પાછા ખેચી લીધા હતા. ત્યાર બાદ ભારતે ૨૮ જેટલા ઉત્પાદનો પર આકરી જકાત લાદી હતી.

અમેરિકી પ્રમુખ ટ્રમ્પે જાપાનમાં આયોજિત જી-૨૦ દેશોની સમિટ પહેલાં કરેલા ટ્વિટમાં જણાવ્યુ હતું કે ભારત વર્ષોથી અમેરિકી ઉત્પાદનો પર ભારે જકાત વસુલી રહ્યો છે.તાજેતરમાં પણ ભારતે અમેરીકી ઉત્પાદનો પર જકાત વધારી છે. હું ભારતના વડાપ્રધાન મોદી સાથે આ અંગે વાત કરવાનો છું. આ તદન અસ્વીકાર્ય છે.અને અમેરિકા પર લાદેલા જકાત વધારાને ભારતે પાછા ખેચવા જ પડશે.

ભારત અને અમેરિકા દ્વારા વેપાર મામલે એકબીજા સામે લેવાઈ રહેલાં પગલાં મધ્યે ડોનાલ્ડ ટ્રમ્પની ટિપ્પણી બંને દેશો વચ્ચે વેપાર વિવાદને વધુ ભડકાવશે.વેપાર મામલે વિવાદને કારણે ભારત અને અમેરિકા વચ્ચેના સંરક્ષણ ગઠબંધનમાં પણ તનાવ જોવા મળી રહ્યો છે. ભારતની મુલાકાતે આવેલા અમેરિકી વિદેશ મંત્રી પણ ભારત સાથેના વેપાર તણાવને ઘટાડવાની અપીલ કરી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ હતું કે જાપાનમાં આયોજિત થઈ રહેલી જી-૨૦ દેશોની બેઠકમાં ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની મુલાકાત વેપાર કરાર પર કોઈ પ્રગતિ નહી થાય તો ચીની સામાન પર વધારાની જકાત લાદી દેવામાં આવશે.ચીન માટે મારો બી પ્લાન તૈયાર છે.અમે નવી જકાત લાદીને દર મહિને અબજો ડોલરની કમાણી કરીશું.અમે સીચ સાથેનો વેપાર એકદમ ઓછો કરી નાંખીશું.

ડોનાલ્ડ ટ્રમ્પની ટિપ્પણીનો જવાબ આપતાં ભારત સરકારે જણાવ્યુ હતું કે ભારતે લાદેલી જકાતો અન્ય વિકાસશીલ દેશોની સરખામણીમાં ઓછી છે. ભારતની જકાતો વિશ્વ વ્યાપાર સંસ્થાના નિયમોને અનુરુપ છે. કેટલાક સામાન પર ભારત કરતાં અમેરિકાની જકાતો વધારે છે.

વિશ્વભરમાં વ્યાપેલી વ્યાપાર મંદીમાં દરેક દેશ પોતાની આવક વધે અને પોતાના ઉત્પાદનો વિશ્વ બજારમાં વેચાય માટે હરિફાઈ મુક્ત બજાર ઈચ્છે છે.જેથી એકબીજા સામે અનેક વાર ખાંડા ખખડાવતા દેખાય છે.ઈરાન સાથે પરમાણુ મુદે યુધ્ધનો દેખાવ કરીને અમેરિકાએ વિશ્વમાં પોતાનું કુડનું વિશ્વ બજાર ઉભુ કરી દીધું છે.આપણે કમને તે સ્વીકાયું છે.

# ટીએમસીના નેતાઓ પ્રજાની માંફી માંગે : મમતા બેનરજી

લોકસભાની ચુંટણીમાં ખરાબ દેખાવ પછી પશ્ચિમ બંગાળની પાર્ટી ટીએમસીના નેતાઓ સતત પાર્ટીઓ છોડી રહ્યા છે.એવામાં રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પાર્ટીના તમામ નેતાઓને વિનમ્ર વલણ અપનાવીને અને પોતાની ભુલોની માફી માંગવા જણાવ્યુ હતું. આ સિવાય તેમણે પાર્ટીના નેતાઓને ભ્રષ્ટાચારથી દુર રહેવા માટે ચેતવ્યા હતા.મમતા બેનરજીએ વિતેલા દિવસો દરમિયાન પાર્ટીના ધારાસભ્યો અને નેતાઓ સાથે બેઠક કરી હતી. અને નેતાઓને લોકોનો વિશ્વાસ મેળવવા માટે કહ્યુ હતું.ઉલ્લેખનીય છે કે લોકસભા ચુંટણીમાં હાર્યા બાદ પાર્ટી સાથે તેમની આ પહેલી બેઠક હતી. જેમાં તેમણે પાર્ટીના સભ્યોને પ્રજાનો સીધો સંપર્ક કરવા કહ્યુ હતું. આ બેઠકમાં તેમણે આશ્વાસન આપ્યુ હતું કે ૨૦૨૧ની વિધાનસભામાં પાર્ટી સારુ પ્રદર્શન કરશે .પાર્ટી છોડીને ચાલ્યા ગયેલાને પાછા લાવવા પ્રયત્ન કરો.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક:એ. એમ. મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.